

# તલ્લીનતા અને જાગરૂકતા

ગાંધીજી એ કહ્યું : સંબંધ ચરખાથી નથી સંબંધ ચિત્તથી છે. તમે યાદ રાખજો જ્યારે તમે મૂર્છાત થઇ જશો ત્યારે, ત્યારે સૂતર/દોરો તૂટી જશે તમે દોરાને ચલાવી રહ્યા છો, ચિત્ત કશે બીજે ચાલ્યું ગયું, દોરો તૂટી જશે, ગાંધીજી એ કહ્યું: હું અમૂર્છાત કાતુ છું જ્યારે કાતુ છું તો ચિત્તમાં કોઇ બીજા વિચાર જ નથી. બસ કાતવાની ક્રિયા પ્રત્યે જાગરૂકતા રહી ગઇ છે અને કાતુ છું, ચિત્તમાં કોઈ વિચાર નથી, અને કોઇ વિચાર કરી રહ્યું નથી, કોઇ સ્મૃતિ નથી આવતી, ભવિષ્યની કોઇ કલ્પના નથી બની રહી. બસ ચરખાની ઉપર કાંતતા દોરા સિવાય મારા ચિત્તમાં તે સમયે કાંઇ પણ નથી, બસ દોરો કંતાય છે અને હું છું, દોરો નીચે જાય છે અને હું છું, દોરો ઉપર જાય છે અને હું છું, હું ફક્ત એક દૃષ્ટા માત્ર રહી ગયો છું અને દોરાની ક્રિયા ચાલતી રહી છે. ક્રિયા છે અને અંદર જાગરૂકતા છે એટલે તાર તૂટતો નથી.
ગાંધીજી એટલે જ પછીથી પોતાના ચરખા કાતવાને જ પ્રાથના કહેવા લાગ્યા, ધ્યાન કહેવા લાગ્યા, તેઓ કહેવા લાગ્યા કે મારું ધ્યાન તો ચરખો કાતવામાં જ થઇ જાય છે. જો બુદ્ધ અને મહાવીરને આપણે સમજીએ તો આપણે અચંભિત થઇ જશું. તેઓની ચોવીસ કલાકની ક્રિયાઓ ધ્યાનમાં હતી તેઓ જે કાંઇપણ કરી રહ્યા હતા તે ધ્યાન હતું. ચિત્ત પૂર્ણતઃ શાંત અને જાગરૂક હતું. આપણું જીવન આ પ્રકારના ધ્યાનથી સંપૂર્ણ વિપરીત છે. આપણે ચોવીસ કલાક મૂર્છાની શોધ કરીએ છીએ. ચોવીસ કલાલ આપણે કોઇ પ્રકારનું ઇનટોકશીકેશન શોધીએ છીએ.
ભલે પછી તે ચલચિત્રમાં હોય, ભલે તે ગીત સાંભળવામાં હોય, ભલે પછી તે ગ્રંથ વાંચવામાં હોય. આપણે ચોવીસ કલાક બસ એ જ શોધીએ છીએ કે પોતાની જાતને કેવી રીતે ભૂલી જઇએ અને આપણે તેને સુખ પણ કહીએ છીએ. જ્યાં જ્યાં આપણે પોતાને ભૂલી જઇએ છીએ અને આપણે કહીએ છીએ મોટું સુખ આવ્યું. હકીકતમાં આપણું પોતાનું સ્મરણ પણ આપણા માટે ઘણું જ દુઃખદ છે અને પોતાનું હોવું આપણું એકઝીઝટન્સ જ દુઃખ છે. રસ્તા ઓ કોઇ પણ હોય જ્યાં જ્યાં આપણને થોડી તલ્લીનતા આવે છે આપણે પોતાની જાત ને ભૂલી જઇએ છીએ. ત્યાં આપણને સુખ માલમ પડે છે. ધ્યાનનો માર્ગ એકદમ જ વિપરીત છે. ધ્યાનનો એક એવો અર્થ પણ છે કે જ્યાં જ્યાં આપણે તલ્લીન છીએ ત્યાં ત્યાં આપણે મૂર્હીત છીએ. કોઇના માં પણ તલ્લીન નથી થવાનું, જાગરૂક-સમસ્તના પ્રત્યે જાગરૂક થવાનું છે, તલ્લીનતા બિલકુલ અલગ જ વાત છે અને જાગરૂકતા તદ્દન ભિન્ન વાત છે. જો કોઇ કાર્યમાં તમે પૂરા તલ્લીન છો તો શેષ જગતના પ્રત્યે એકદમ મૂર્છાત થઇ જશો અને જાગરૂકતા તદ્દન ભિન્ન છે. જાગરૂક ચિત્ત સમાનરૂપથી ઉપસ્થિત છે, ચિત્ત કોઇ એક કેન્દ્ર પર જાગીને અન્ય તરફ નથી સૂઇ ગયું, ચિત્ત જ ફક્ત જાગી રહ્યું છે ભલે પછી કોઇ પણ

> જે વ્યકતિ કોઇ કામ કરી રહ્યો છે અને તલ્લીન કશે બીજે છે બીજો વ્યક્તિ એ છે કે જે કામ જ્યાં કરી રહ્યો છે તે ત્યાં જ તલ્લીન છે-તે બીજે અનુપસ્થિત છે અને ત્રીજો વ્યક્તિ એ છે જે ફક્ત જાગરૂત છે અને કામ કરી રહ્યો છે તે ક્યાંય પણ તલ્લીન નથી

કેન્દ્ર હોય, તલ્લીનતાનું મૂલ્ય આપણે એટલે માનીએ છીએ કે જીવનમાં આપણી ગેર-તલ્લીનતા કાર્યમાં અકુશળતા બની જાય છે. જેમ કે કોઇ વ્યક્તિ કામ કરી રહ્યું છે અને તેનું ચિત્ત ક્યાંય બીજે લાગેલુ છે. આને આપણે કહીએ છીએ આ તલ્લીન નથી હકીકતમાં તે અન્ય ક્યાંક તલ્લીન છે, જો આપણે બરાબર સમજી એ તો એવું ન કહેવું જોઇએ કે આ તલ્લીન નથી, તલ્લીન તો તે છે પણ અહીંયા તલ્લીન નથી. એટલે આપણે કહીએ છીએ કામમાં તલ્લીન થઇ જાઓ, જે વ્યકતિ કોઇ કામ કરી રહ્યો છે અને તલ્લીન કશે બીજે છે બીજો વ્યક્તિ એ છે કે જે કામ જ્યાં કરી રહ્યો છે તે ત્યાં જ તલ્લીન છે-તે બીજે અનુપસ્થિત છે અને ત્રીજો વ્યક્તિ એ છે જે ફક્ત જાગરૂત છે અને કામ કરી રહ્યો છે તે ક્યાંય પણ તલ્લીન નથી. એવો વ્યક્તિ જે કોઇપણ કામમાં તલ્લીન નથી કેવલ જાગૃત છે-સ્વયંમાં તલ્લીન હશે અને જો એ ક્યાંય પણ તલ્લીન નથી અને ફક્ત જાગરૂત છે તો તે જગતના પ્રત્યે સ્વયંમાં તલ્લીન હશે અને સ્વયંમાં તલ્લીનતા આનંદ છે પરમાં તલ્લીનતા સુખ છે.

**ઓશો વાણી**

ઓશો : પ્રેમ નદી કે તીરા પુસ્તક માં થી
સૌજન્ય : ઓશો ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.


# અક્કલકોટના દત્તાવતાર
# શ્રી સ્વામી સમર્થ

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

સનાતની સંસ્કૃતિ સંત-મહંત, ઋષિ મુનિઓ અને ધર્મગુરુઓનાં જીવનથી સમૃદ્ધ છે. હજારો વર્ષના પૌરાણિક કાળથી કાળક્રમે પ્રગટતા અવતારો થકી માણસ ધર્મ અને સંસ્કૃતિથી વિમુખ નથી થઇ શક્યો. ધાર્મિક, આધ્યાત્મિક અને વ્યવહારિક જીવન જીવવા માટે સાધુ-સંતો અને ઋષિ-મુનિઓ દ્વારા રચાયેલા ધર્મગ્રંથો શ્રેષ્ઠ પથદર્શક બની રહ્યાં છે. ભારતીય સંસ્કૃતિની સુંદરતા એ છે દેશના દરેક પ્રાંતમાં વિવિધ સમયે વિવિધ પ્રકારે આવા ઉચ્ચ કોટિના સંતપુરુષોનું પ્રાક્ટય થતું રહ્યું છે અને સનાતન સંસ્કૃતિનું સંવર્ધન અને સંરક્ષણ થતું રહ્યું છે. મધ્યકાલીન ભક્તિ આંદોલન દરમ્યાન અનેક સાધુ-સંતોનું પ્રાગટ્ય અંગેનો એક આખો લેખ આ કોલમમાં પ્રગટ થઇ ચૂક્યો છે. આજે પણ આવા સંતપુરુષો અને સાધુ-મહંતો ભારતની ભૂમિ પર જરૂર છે પણ કદાચ તેમને ઓળખવાની આપણી શકિત ઓછી પડતી હોય તેવું બને કારણ કે કુંભમેળાનું ઉદાહરણ લઇએ તો લાખો અઘોરી, સાધુ-સંતો કયાંથી આવે છે અને કયાં પરત ચાલ્યા જાય છે એ વિશે ચોક્કસ માહિતી કયારેય ઉપલબ્ધ નથી હોતી.

આજે એવા જ એક સમર્થ સંત શ્રી સ્વામી સમર્થ મહારાજની ઓળખાણ પામવાનો પ્રયાસ છે. ભગવાન દત્તાત્રેયનો ત્રીજો અવતાર ગણાતાં સ્વામી સમર્થનું જીવન જિજ્ઞાસુઓ અને ભક્તો માટે ખૂબ પ્રેરણાદાયી રહ્યું છે પણ તેની જન્મકથા કે સમાધિગમનની આધારપૂર્ણ વાતો હંમેશ એક રહસ્ય જ રહ્યું છે. દત્ત ભગવાનના ત્રણ કળીયુગી અવતાર થયાનું ધર્મપુસ્તકોમાં જોવા મળે છે. જેમાં પ્રથમ દત્ત અવતાર શ્રી પાદ વલ્લભ (ઇ.સ 1320-1352) ગણાય છે તો ભગવાન દત્તાત્રેયનો બીજો અવતાર શ્રી મદ્દ નરસિમ્હા સરસ્વતી (ઇ.સ 1378 થી 1458) છે. શ્રી ગુરુચરિત્ર નામના એક પવિત્ર ધર્મગ્રંથમાં ઉલ્લેખ મુજબ શ્રી નરસિમ્હા સરસ્વતી સને 1458માં શૈલ પર્વતની તળેટીમાં આવેલ કરદલીવનમાં તપશ્ચર્યા માટે ગયા હતાં. ત્યાંથી સમયાંતરે કરદલીવન છોડી ઉત્તરમાં હિમાલય તરફ બદ્રીવન તરફ પ્રયાણ કર્યું હતું. અહીં તેમણે ધ્યાનસ્થ અવસ્થામાં તપશ્ચર્યા કરી. કઠોર ધ્યાન તપશ્ચર્યામાં તેઓ મહાસમાધિમાં લીન થઇ ગયા અને સમય જતાં આજુબાજુનાં વૃક્ષો પણ વિશાળ થઇ ગયાં હતાં. બાજુમાં જ વિસ્તરેલો વડ એની સુરક્ષા કરતો હોય તેમ ચારે બાજુથી વિસ્તરીને ઘેઘુર વડલો બની ગયો હતો. એકાંત અને જંગલ વિસ્તારમાં તેમની ધ્યાનસ્થ અવસ્થા 350 વર્ષ રહેલી એવો ધર્મગ્રંથોમાં ઉલ્લેખ છે.

એક સમયે ઉધ્ધવ નામનો કઠિયારો લાકડાં કાપવા આ જંગલમાં આવ્યો અને તેનું કર્મ કરતો રહ્યો. વરસોથી નીરવ શાંતિ વચ્ચે ધ્યાનસ્થ સંતની કુહાડીના અવાજથી સમાધિ તૂટી અને કઠિયારો પણ સંતની સમાધિ ભંગ કરવા બદલ ક્ષોભ અનુભવતો હતો પણ કૃપાળુ સંતે તેને આશીર્વાદ આપ્યા. આ સંત ભગવાનનો દત્તાવતાર ગણાતાં શ્રી સ્વામી સમર્થ તરીકે ઓળખાયા. તેઓ પગપાળા વિચરણ કરતા પણ મહારાષ્ટ્ર અને કર્ણાટકની બોર્ડર પર આવેલ અક્કલકોટ ખાતે તેમણે નિવાસ કરેલો. 1855-56માં સ્વામી સમર્થ અક્કલકોટ આવ્યા હતા અને 22 વર્ષથી વધુ




> ભગવાન દત્તાત્રેયનો ત્રીજો અવતાર ગણાતાં સ્વામી સમર્થનું જીવન જિજ્ઞાસુઓ અને ભક્તો માટે ખૂબ પ્રેરણાદાયી રહ્યું છે પણ તેની જન્મકથા કે સમાધિગમનની આધારપૂર્ણ વાતો હંમેશ એક રહસ્ય જ રહ્યું છે. દત્ત ભગવાનના ત્રણ કળીયુગી અવતાર થયાનું ધર્મપુસ્તકોમાં જોવા મળે છે

સમય અહીં તેમના પરમ શિષ્ય ચોલપ્પાના નિવાસ પર નિવાસ કરેલો. જો કે આજે એ સ્થળે તો તેમની સમાધિ અને વિશાળ મંદિર સ્થાપિત છે. મંદિર પરિસરમાં વટવૃક્ષ મંદિર પણ સામેલ છે જેમાં તેની સમાધિસમયનું રક્ષક વડ પણ અહીં લાવી વિસ્તાર પામ્યું છે. આ વડની નીચે બેસી હંમેશાં તેમના અનુયાયીઓ, ભક્તો અને જિજ્ઞાસુઓને ઉપદેશ આપતા. તેમને માનનારો એક બહુ મોટો વર્ગ છે.

એમની ઉપસ્થિતિમાં એક વાર એક બ્રિટિશ બેરિસ્ટર અને એક પારસી સજ્જન તેમના દર્શને અક્કલકોટ આવેલ ત્યારે જિજ્ઞાસાવૃત્તિથી તેમણે એક સવાલ પૂછેલો કે તમે કયાંથી પધાર્યા છો? ત્યારે સહજભાવથી શ્રી સ્વામી સમર્થે જવાબ આપેલો કે, પહેલા કરદલી વન છોડી હિમાલયમાં બદ્રીવનમાં ગયો ત્યાંથી કલકતા સહિત બંગાળમાં વિચરણ કર્યું, કાલી માતાના દર્શન પણ કર્યા, પછી ગંગાના કિનારે કિનારે જ હરિદ્વાર, કેદારેશ્વર, ગંગોત્રી, બદ્રીનાથ, દ્વારકા, અયોધ્યા જેવાં સેંકડો તીર્થધામોમાં દર્શન કર્યાં, વર્ષો સુધી હૈદરાબાદ અને મંગલવેધેમાં પણ રહ્યો પછી ફરતાં- ફરતાં પંઢરપુર, બેગમપુર, મોહોલ ખાતે થોડો સમય રોકાઈને અંતે શ્રી સ્વામી સમર્થ અક્કલકોટ ખાતે સ્થિર થયેલા. જો કે વિવિધ વિસ્તારોમાં ચંચલ ભારતી ઉપરાંત દિગંબર સ્વામીથી પણ ઓળખાતા. એમના મુખેથી ઉચ્ચારાયેલ કરદલીવન અને બદ્રીવનની વાતોથી એ નરસિમ્હા સરસ્વતી પછીનો ત્રીજો દત્તાવતાર હોવાની પુષ્ટિ સ્વીકારાયેલી.

અક્કલકોટ સોલાપુરથી 40 કિ.મી. અંતરે આવેલ મહારાષ્ટ્રનું દત્તસંપ્રદાયના અનુયાયીઓ માટેનું પવિત્ર તીર્થસ્થાન છે. અહીં ભવ્ય મંદિર છે. સ્વામી સમર્થની પાદુકા, શિવલિંગ, ભવ્ય પ્રતિમા અને સ્વામીજીની કેટલીક વસ્તુઓ દર્શનાર્થે રખાઈ છે. અહીં મંદિરમાં સવારે 5 વાગ્યે કાકડ આરતી થાય છે. ભક્તો અહીં સવારે 7.30 થી 9.30 દરમ્યાન પૂજા અભિષેક, લઘુરૂદ્ર કરી ધર્મલાભ લઈ શકે છે. નૈવેદ્ય આરતી સવારે 11-30 વાગ્યે થાય છે તો સંધ્યા આરતી 7-45 વાગ્યે થતી હોય છે. મંદિર 10-00 વાગે બંધ થાય છે. આ સમયનો હેતુ એટલા માટે છે કે દર્શને જાવ તો આ સમયની અનુકૂળતા જાળવવાથી વિવિધ આરતીના દર્શનનો લાભ મળી શકે. અહીં મંદિરની બાજુના એક ઘરની સામે 40,000 પંચમુખી રૂદ્રાક્ષમાં બનેલું 12 ફૂટ ઊંચુ અને 10 ફૂટ પહોળુ સ્વામીજીનું પોટ્રેઈટ પણ દર્શનીય છે. મંદિર પરિસરમાં વડના ઝાડ નીચે જ્યોતિબા મંડપ છે જ્યાં ભક્તો દિવસભર જાપ, ભજન, ધૂન, પૂજા અને ધર્મશાસ્ત્રોનું પઠન કરતાં જોવા મળે છે.

અક્કલકોટ એ રાજવી ભોસલે પરિવારનું




રજવાડું હતું. અહીં શ્રીમંત ફતેસિંહ રાજે ભોસલે, શાહજીરાવ પ્રથમ, માલોજીરાજે, ફતેહસિંહ રાજે ત્રીજા અને વિજયસિંહ રાજે ભોસલે જેવા શક્તિશાળી અને વિખ્યાત રાજાઓનો ઈતિહાસ છે. શ્રીમંત માલોજી રાજે ભોસલેના શાસનકાળ દરમ્યાન શ્રી સ્વામી સમર્થનું આગમન અક્કલકોટમાં થયેલું અને તેઓ સ્વામીજીના પરમ ભક્ત હતાં તેથી પાવન, પવિત્ર નગરી તરીકે ખ્યાત અક્કલકોટમાં દર્શનાર્થીઓ માટે અન્નક્ષેત્રનો પણ પ્રારંભ કરાવેલો જે જન્મેજ્ય ભોંસલે મહારાજે વધુ સગવડદાયી કર્યો. આજે પણ રોજ 10,000થી વધુ ભક્તો પ્રસાદ લે છે અને તહેવારો કે ખાસ દિવસોમાં એક લાખથી વધુની સંખ્યામાં દર્શનાર્થીઓ ભોજન-પ્રસાદનો લાભ લે છે. દર્શનાર્થીઓની સરળતા માટે વધુ સગવડદાયી એક સાથે બે હજાર લોકો ભોજન પ્રસાદ લઈ શકે તેવી એરકંડીશન ભોજનગૃહની ઈમારત બની રહી છે. જેનો ટૂંક સમયમાં લોકોને લાભ મળશે. તત્કાલીન સંતો શ્રી રામકૃષ્ણ પરમહંસ, શિરડીના સાંઈબાબા, શ્રી શંકર મહારાજ ઉપરાંત શેગાંવના ગજાનન મહારાજ જેવી વિરલ હસ્તીઓના ઉપદેશક ગુરુ પણ શ્રી સ્વામી સમર્થ બન્યા હતા. તેમની ઊંચાઇ 7 ફૂટની હતી અને ક્યાંય પણ જતાં તો દરવાજામાંથી માથું ઝુકાવીને પ્રવેશ લેવો પડતો. તેમની પ્રથમ તસવીર સને 1875માં લેવાયેલી છે. જે ઊભેલી મુદ્રામાં હતી. તેમાં તેના હાથ છેક ગોઠણ સુધી પહોંચતાં એવું દેખાતું હતું. જો કે તેમની ખૂબ જાણીતી બેઠેલી મુદ્રામાં પણ એક-બે તસ્વીરો જોવા મળે છે.

શ્રી સ્વામી સમર્થના અનુયાયીઓનો એટલો બહોળો પરિવાર છે કે દેશભરમાં વિવિધ જગ્યાએ તેમના મંદિર, સેવાકેન્દ્રો કાર્યરત છે. સુરતમાં પણ ભટાર, ડિંડોલી, ભાગળ જેવા ચારેક જેટલાં સેવાકેન્દ્રો છે. જ્યાં અનેકવિધ સેવાપ્રવૃત્તિઓ ચાલે છે. તમે અક્કલકોટ જવા માંગતાં હો તો ટ્રેન માર્ગે સુરતથી સોલાપુર ટ્રેન મળે છે. ઉપરાંત મુંબઈથી છેક સુધીની ટ્રેન અને એસ.ટી. બસ તથા ટ્રાવેલ્સની સુવિધાઓ છે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૮૨

# બ્રહ્માજીની સ્તુતિ

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

ભગવાનની વધુ લીલા જોવાની ઈચ્છાથી ગોપ બાળકો અને વાછરડાઓનું હરણ કરીને શ્રીકૃષ્ણને મૂંઝવવા જવાના પ્રયોગના અંતે, પોતે જ મૂંઝાઈ ગયેલા બ્રહ્માજીએ સાચી પરિસ્થિતિનું જ્ઞાન થતાં ભગવાનને અનેક વખત પ્રણામ કર્યા. ત્યાર બાદ અત્યંત સન્માન, વિનય તથા ધ્યાનથી ગળગળી વાણીમાં પ્રભુની સ્તુતિ કરવા માંડ્યા. આ સ્તુતિનો કેટલોક ભાગ અગાઉના લેખમાં સમજ્યા પછી હવે આગળ સમજીએ.

તેઓ આગળ કહેવા માંડ્યા, "હે પ્રભુ! મારી દુર્જનતા જુઓ. અનંત, સર્વના આદિમાં રહેલા, પરમાત્મા અને માયાવીઓના પણ માયાવી એવા આપ પર માયાનો પ્રયોગ કરીને મેં મારું ઐશ્વર્ય જોવાની ઈચ્છા કરી અને મોટી મૂર્ખામી કરી. અગ્નિની એક ચિનગારી જેમ અગ્નિજ્વાળા સામે કંઈ પણ કરવા સમર્થ નથી, તેમ હું પણ આપનો મહિમા સમજવા સમર્થ નથી. મને સમજાઈ ગયું છે કે, જેટલું પતંગિયાનું સૂર્ય પાસે અસ્તિત્વ છે તેટલું મારું તમારી પાસે છે. હું એક અજાણ્યો મારા ઐશ્વર્યને તમારાથી સ્વતંત્ર ગણનારો અને આપના દ્વારા મને અપાયેલ પદવીના ગર્વથી અંધ બનેલો છું. મારા અપરાધની ક્ષમા કરો. મારા પર દયા કરો. પ્રકૃતિ વગેરે ચોવીસ તત્ત્વોથી વીંટળાયેલા આ બ્રહ્માંડમાં માત્ર સાત વેંતની કાયાવાળો હું ક્યાં અને જેના પ્રત્યેક રોમકૂપમાં આવાં અગણિત બ્રહ્માંડો પરમાણુઓની માફક ઊડ્યા કરે છે તેવા આપ ક્યાં?"

"ગર્ભમાં રહેલો બાળક પગ પછાડે તો તેનાથી તેણે માતાનો અપરાધ કર્યો છે તેવું કહેવાતું નથી. બરાબર આ જ રીતે સ્થૂળ-સૂક્ષ્મ, કાર્ય-કારણ વગેરે શબ્દોથી કહેવાતું આ આખું જગત આપના ઉદરમાં જ સમાયેલું છે અને આપના એ ઉદરમાં જ રહેલો હું, મોહાંધ બનીને આપને ઠગવાનું કર્યા કરવા લાગ્યો તેને આપનો અપરાધ કર્યો છે તેવું નહિ માનશો. ત્રણે જગતના પ્રલય સમયે જયારે બધા મહાસાગરો એક થઈ ગયા હતા, ત્યારે તેમના જળમાં પોઢેલા શ્રીનારાયણના ઉદરમાં થયેલા નાભિકમળમાંથી હું ઉત્પન્ન થયો હતો, તે નારાયણ આપ જ છો. આપ સર્વના અધિક્ષક-પ્રવર્તક છો અને સમગ્ર લોકના સાક્ષી-સાક્ષાત જોનારા છો. વળી નર એટલે પરમાત્મા અને તેથી જન્મેલા પદાર્થોનો અને જળનો આશ્રય કરવાથી નારાયણ (નર + અયન) નામે જે પ્રસિદ્ધ છે, તે પણ આપની જ મૂર્તિ છે. ('નારં જીવ સમૂહઃ તદ્દ અયનં યસ્ય', એવો અર્થ કરીએ તો સર્વના આત્મા છો એટલે નારાયણ છો) હકીકતમાં જળનો આશ્રય કરનારી આપની તે માયા જ છે કારણ કે જગતના આશ્રયરૂપ તમારું જળમાં રહેલું નારાયણ-શરીર જો સત્ય હોય તો તે જ વખતે મેં કેમ નહિ જોયું? આ કૃષ્ણાવતારમાં આપે બહાર સ્પષ્ટ જણાતાં આ સમગ્ર જગતરૂપ પ્રપંચને આપના પેટમાં યશોદામાતાને એ સમજાવવા માટે પ્રકટ કર્યું છે, કે આ સર્વ મારી જ માયા છે. હું આપના આ ઈચ્છામય શરીરના મહિમાને માત્ર જાણવા માટે પણ જયારે અશક્ત છું, તો પછી સર્વના અધિષ્ઠાનરૂપ આપના બ્રહ્મસ્વરૂપ મહિમાને તો ક્યાંથી જાણી શકું?"

તેઓ આગળ કહેવા માંડ્યા, "આપ પ્રથમ એક જ હતા પરંતુ પછી સમગ્ર વ્રજના મિત્રોરૂપ તથા વાછરડાઓરૂપ થયા. પછી 'હું'સહિત સમગ્ર તત્ત્વોથી સેવાતા તેટલા જ ચતુર્ભુજ થયા અને પછી તેટલા જ બ્રહ્માંડરૂપ થયા. હમણાં આપ કેવળ એક અદ્વૈત સ્વરૂપે દેખાઈ રહ્યા છો. આ બધી આપની માયા જ છે. આપ અજન્મા છો, છતાં દેવોમાં, ઋષિઓમાં, મનુષ્યોમાં, પશુપક્ષીઓમાં તથા જળચરોમાં પણ આપનો જન્મ દેખાય છે; કે જે અસુરનો નાશ કરવા અને અને સત્પુરુષો પર કૃપા કરવા માટે હોય છે. યોગમાયાનો વિસ્તાર કરીને આપ ક્યાં, કેવી રીતે, કેટલી અને ક્યારે ક્રીડા કરો છો તે આપની તમામ લીલારૂપી ક્રીડાઓને ત્રણે જગતમાં કોણ સમજી શકે છે?"



> આ જગતના નાથ તમે જ છો છતાં પણ પ્રપંચથી રહિત છો. આપ આપના શરણે આવેલા મનુષ્યોને આનંદ ઉપજાવવા પૃથ્વી પરના પ્રપંચને અનુસરો છો અને અવતાર લીલાઓ કરો છો. એટલા માટે આ જગતને તથા મારા ભૌતિક શરીરને આપને જ અર્પણ કરું છું

"આપ સત્યસ્વરૂપ છો, આત્મા અને સર્વના આદ્ય છો, નિત્ય છો, પૂર્ણ છો, અનંત છો, અદ્વૈત છો, સ્વયં જ્યોતિ છો, ઉપાધિથી મુક્ત છો, નિરંજન છો, અમૃત છો, નાશરહિત છો. આવા સમગ્ર આત્માઓના પણ આત્મા એવા આપને, જે કોઈ જ્ઞાનરૂપી ચક્ષુથી સારી રીતે પોતાના આત્મારૂપે જુએ છે, તેઓ સંસારરૂપી મિથ્યા સમુદ્રને તરી જાય છે. આપના ચરણકમળની થોડી ઘણી પણ કૃપા જેના પર થઇ હોય, તે જ આપના મહિમાનું તત્ત્વ જાણે છે. માટે હે નાથ! મારા આ જન્મમાં કે આવનારા બીજા કોઈ પશુપક્ષીઓના જન્મોમાં પણ મારું તેવું મહાભાગ્ય થાઓ, કે જેના કારણે હું હંમેશાં આપના ચરણકમળનું સેવન કર્યા કરું."

"વ્રજની ગાયો તેમ જ સ્ત્રીઓ ઘણા ધન્યવાદને પાત્ર છે કે જેઓના દૂધ અને ધાવણરૂપી અમૃત આપે બાળકો અને વાછરડાઓ બનીને પીધા. નંદ તેમ જ ગોવાળિયાઓનું તથા સર્વ વ્રજવાસીઓનું ભાગ્ય ખરેખર ઘણું જ અમાપ છે, કારણ કે પરમ-આનંદ સ્વરૂપ સનાતન પૂર્ણબ્રહ્મ તેઓના મિત્ર બન્યા છે અને આખો વખત મુકુન્દ (ભગવાન શ્રીકૃષ્ણ)ના દર્શન કરી રહ્યા છે. આ ભૂલોકમાં અને તેમાં પણ આ વૃંદાવનમાં અને વ્રજમાં મારો કોઈ પણ અવતાર આવે અને તેમાં કોઈ પણ વ્રજવાસીના ચરણની રજમાં નહાવાનું મળે તો તે મારું મોટું અહોભાગ્ય હશે. આ જગતના નાથ તમે જ છો છતાં પણ પ્રપંચથી રહિત છો. આપ આપના શરણે આવેલા મનુષ્યોને આનંદ ઉપજાવવા પૃથ્વી પરના પ્રપંચને અનુસરો છો અને અવતાર લીલાઓ કરો છો. એટલા માટે આ જગતને તથા મારા ભૌતિક શરીરને આપને જ અર્પણ કરું છું અને હવે હું રજા માંગું છું."

(ક્રમશઃ)